• **<u>ધો. ૭-બ</u> : કુલ ૫૯ વિદ્યાર્થીઓએ ભરૂચ દૂધધારા ડેરીની મુલાકાત લીધી હતી.**

અહી તેમણે દૂધનું એકત્રીકરણ, તેની સ્ટોરેજ પ્રક્રિયા, દૂધ, છાશની પેકિંગ પધ્ધતિ, દૂધમાંથી બનતી વસ્તુઓ દૂધ, ઘી, પનીર, છાસ વગેરે બનાવટની પ્રક્રિયા પ્રત્યક્ષ રીતે નિહાળી હતી. દૂધધારા ડેરીનાં મેનેજર અને તેમની ટીમનો ઘણો સારો સહકાર મળ્યો. ડેરી તરફથી વિદ્યાર્થીઓને ફ્લેવર્ડ મિલ્ક અને આઇસ્ક્રીમ આપવામાં આવ્યાં હતાં.

**કન્વી. શિક્ષક: પ્રજ્ઞાબેન પ્રજાપતિ, વૈશાલીબેન પરમાર**





• **<u>ધો. ૮-અ</u> : કુલ ૫૪ વિદ્યાર્થીઓએ ભરૂચનાં કસક કુવારા પાસે આવેલ ''વડીલોનું ઘર'' ની મુલાકાત લીધી હતી.**

વિદ્યાર્થીઓમાં ઉચ્ચ સંસ્કાર અને નૈતિક મૂલ્યોનો વિકાસ થાય તેવાં હેતુથી આ સ્થળની મુલાકાત લેવામાં આવી. વિદ્યાર્થીઓએ વડીલો સાથે વાતચીત કરી, આત્મીયતા કેળવી, તેમના કામમાં મદદરૂપ થયાં અને તેમના આર્શીવાદ લીધા હતાં.

**કન્વી. શિક્ષક: શેફાલીબેન ઠાકર , દિપીકાબેન સાલંકી**





• **<u>ધો. ૮-બ</u> : કુલ ૫૫ વિદ્યાર્થીઓએ ભરૂચ નગરપાલિકા ફાયર સ્ટેશનની મુલાકાત લીધી.**

ફાયર સ્ટેશન અધિકારી શ્રી શૈલેશ સાંસિયા સાહેબે આપત્તિ એટલે શું? અને તેનાં પ્રકાર, પૂર, વાવાઝોડું, સુનામી, આગ, ભૂકંપ વગેરે આપતિઓ દરમિયાન શું કરવું અને શું ન કરવું? તે વિશે સમજ આપી હતી.

**કન્વી. શિક્ષક: શૈલેન્દ્રસિંહ ગોહિલ, નિસર્ગ પ્રજાપતિ**





• **<u>ધો. ૯ અ, બ</u> : તા. ૨૦/૦૯/૨૦૨૫ / વિદ્યાર્થીનીઓની સંખ્યા : ૭૫ / શિક્ષકનું નામ : મનિષાબેન જાદવ, મયુરીબેન પરમાર / વિદ્યાર્થીનીઓની સંખ્યા : ૬૪ / સ્થળનું નામ : એ-ડિવિઝન પોલીસ સ્ટેશન**

ધો. ૯ અ,બ ના વિદ્યાર્થીઓએ સપના કરો સાકાર અંતર્ગત એ ડિવિઝન પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. અહી વિદ્યાર્થીઓએ હાલમાં ચાલતી ગુનાહિત પ્રવૃત્તિઓ, મોબાઇલ ફ્રોડ, સાઇબર ફ્રોડ, ચેટીંગ જેવા વિષયો પર જાણકારી મેળવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ જૈન મંદિરની મુલાકાત પણ લીધી હતી.




